सत्यमेव जयते

**Received on : ૩૦–૭–૨૦૨૦**
**Registered on: ૩૦–૭–૨૦૨૦**
**Decided on :**
**Duration: Year Month Day**

## પોરબંદરના નામદાર સ્પે. જજ (એટ્રો.) અને એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્શ જજ સાહેબની અદાલતમાં

**સ્પે. (એટ્રો ) કેસ નં.૧૫/૨૦૨૦**

શ્રી સરકાર ..... ફરીયાદી.

**વિરુધ્ધ**

ભીમાભાઇ ખીમાણંદભાઇ ખુંટી,
ઉ.વ. ૪૫,
રહે. કડેગી ગામના પાદરમાં, નવા પ્લોટ, તા. કુતિયાણા,
જી. પોરબંદર. .....આરોપી.

**ગુન્હો : આઇ.પી.સી. કલમ–૩૨૩, ૫૦૪, જી.પી. એકટનીકલમ ૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧) (આર) (એસ) , ૩(૨)(૫–એ) મુજબ.**

**:::::::::: :::::::::: :::::::::: :::::::::: ::::::::::**
**ફરીયાદપક્ષે વિ. સરકારી વકીલ શ્રી એ. જે. લીલા.**
**આરોપી તરફે વિ. વકીલ શ્રી પી. એન. કોટીયા.**
**:::::::::: :::::::::: :::::::::: :::::::::: ::::::::::**

## : JUDGEMENT :

(૧) આ કામના આરોપી વિરુધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૫૦૪, ૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર)(એસ), ૩(૨)(૫–એ) મુજબના ગુન્હાનું તહોમત છે.

(૨) આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી અનુસુચિત જાતિના સભ્ય છે અને આરોપી અનુસુચિત જાતિ કે જનજાતિના સભ્ય નથી. આરોપીએ તા. ૨૪–૬–૨૦૨૦ ના રોજ કલાક ૧૦–૦૦ વાગ્યે કડેગી ગામે ફરીયાદી પોતાના ભાઇ સંજયભાઇ રાજશીભાઇના ભાગ્યા રાખેલ ખેતરમાં કાંટાની વાડ કરતા હતાં ત્યારે આરોપીએ ફરીયાદી પાસે આવી ''ઢેઢા'' શું કરે છે તેમ કહેતા ફરીયાદીએ '' તુ મને નામથી ઓળખે છે છતાં પણ ઢેઢા શુ કામ કહે છે '' તેમ કહેતા આરોપીએ ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી લાકડીથી ફરીયાદીને ડાબા પગમાં એક ઘા મારતા ફરીયાદી નીચે પડી જતાં આરોપીએ ફરીયફાદીને વાંસાના ભાગે બે પાટુ મારી ઇજા કરેલ અને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ હોય જેથી ફરીયાદીએ ઉપરોકત મુજબની ફરીયાદ આપેલ છે.

(૩) ફરીયાદીએ ફરીયાદ આપ્યા બાદ કિર્તીમંદિર પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૧૮૦૦૪૨૦૧૩૨૭/૨૦૨૦ થી ગુન્હો રજીસ્ટર કરી, આ ગુનાના તપાસ કરનાર અમલદારશ્રીને હાલના ગુનાની તપાસ સોંપતા ગુન્હાવાળી જગ્યાનું પંચનામુ કરેલ તથા મુદામાલ કબજે કરેલ તેમજ સાહેદોના નિવેદન નોંધી આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાય આવતા હકુમત ધરાવતી અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવતા તે રજીસ્ટરે લઇ ઇન્સાફી કાર્યવાહી ચલાવવા માટે અત્રેની સ્પેશ્યલ કોર્ટ સમક્ષ રજુ કરેલ જેને સ્પે. કેસ નં.

૧૫/૨૦૨૦ થી નોંધવામાં આવેલ છે.

(૪) આરોપી આ અદાલત સમક્ષ હાજર થતા આરોપી વિરુધ્ધ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૨૮(૧)(બી) હેઠળ મારા પુરોગામી સાહેબશ્રી ધ્વારા આંક–૧૧ થી તહોમતનામુ ફરમાવેલ છે. ક્રિમીનલ પ્રોસીજર કોડ કલમ–૨૨૮(૨) હેઠળ આરોપીને તહોમતનામાની વિગતો વાંચી સંભળાવી સમજાવેલ છે. આંક–૧૨ થી નોંધવામાં આવેલ પ્લીથી આરોપીએ ગુન્હો કર્યાનો ઈન્કાર કરેલ છે, જેથી આરોપી વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૫) આ કેસમાં ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

## મૌખીક પુરાવાઓ :–

| અ.નં. | સાહેદનું નામ | સાહેદનો દરજ્જો | આંક |
|---|---|---|---|
| ૧. | ભાવેશભાઈ મુળુભાઈ ચૌહાણ | પંચ સાહેદ | ૧૯ |
| ૨. | નાગાજણ સરમણભાઈ કડેગીયા | પંચ સાહેદ | ૨૧ |
| ૩. | બાવનભાઈ સરમણભાઈ મોરી | પંચ સાહેદ | ૨૩ |
| ૪. | વિજયભાઈ બોઘાભાઈ કરમટા | પંચ સાહેદ | ૨૫ |
| ૫. | નરસીંહભાઈ રાજશીભાઈ ચૌહાણ | ફરીયાદી | ૩૦ |
| ૬. | રામદેભાઈ લખમણભાઈ કડેગીયા | સાહેદ | ૪૩ |
| ૭. | હમીરભાઈ દેવાભાઈ ચૌહાણ | સાહેદ | ૪૪ |
| ૮. | સંજયભાઈ રાજશીભાઈ ચૌહાણ | સાહેદ | ૪૫ |
| ૯. | દિલીપભાઈ રાજશીભાઈ ચૌહાણ | સાહેદ | ૪૬ |
| ૧૦. | જેઠાભાઈ રાજશીભાઈ ચૌહાણ | સાહેદ | ૪૭ |
| ૧૧. | જીતુભાઈ હમીરભાઈ ચૌહાણ | સાહેદ | ૪૮ |
| ૧૨. | કંચનબેન જીતુભાઈ ચૌહાણ | સાહેદ | ૪૯ |
| ૧૩. | નરેન્દ્રભાઈ સામતભાઈ ચૌહાણ | સાહેદ | ૫૧ |

| | | | |
|---|---|---|---|
| ૧૪. | માધવીબેનજ જગદીશભાઇ પોપલીચા | સાહેદ | ૫૩ |
| ૧૫. | રણજીતભાઇ રાજશીભાઇ વરુ | પોલીસ સાહેદ | ૫૮ |
| ૧૬. | અશોકકુમાર રાયચંદભાઇ પટેલ | ત.ક.અ. | ૬૪ |

## દસ્તાવેજી પુરાવાઓ :

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | બનાવવાળી જગ્યાનું પંચનામુ | ૧૯ |
| ૨. | આરોપીનું અટક પંચનામુ | ૨૪ |
| ૩. | ફરીયાદ | ૩૧ |
| ૪. | હથીયારબંધીના જાહેરનામાની નકલ | ૫૨ |
| ૫. | ફરીયાદીની અનુ. જાતીનું પ્રમાણપત્ર તેમજ તે અંગેની અરજી તથા સાધનીક દસ્તાવેજી | ૫૪ |
| ૬. | ઈજા પામનારનું સારવાર સર્ટી. મળવા કરેલ યાદી | ૫૯ |
| ૭. | ગુન્હો રજીસ્ટર કરવાની યાદી | ૬૫ |
| ૮. | તપાસનો ડે. હુકમ | ૬૬ |
| ૯. | આગળની કાર્યવાહી કરવાની યાદી | ૬૭ |
| ૧૦. | સ્પે. રીપોર્ટ | ૬૮ |
| ૧૧. | મેસેજ | ૬૯ |
| ૧૨. | આરોપીને અટક કર્યાની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા કરેલ રીપોર્ટ | ૭૦ |
| ૧૩. | મેડી. ઓફીસરને કરેલ યાદી | ૭૧,૭૨ |
| ૧૪. | આરોપીના આધારકાર્ડની નકલ | ૭૩ |

(૬) ફરીયાદપક્ષ તરફથી આંક–૭૬ ની પુરસીસ આપી પુરાવો પુરો થયાનું જાહેર કરેલ છે.

(૭) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૩૧૩ મુજબ આરોપીનું વધારાનું નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેઓની રુબરુમાં

લેવામાં આવેલ હોવાની હકીકત ખરી હોવાનું જણાવેલ છે. તેમજ આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે અને બચાવનો કોઈ પુરાવો આપેલ નથી. અને આરોપીને તમારે વિશેષમાં કાંઈ કહેવુ છે તેમ પુછવામાં આવતા તેઓએ જવાબમાં જણાવેલ છે કે, '' ફરીયાદ મુજબનો કોઈ ગુન્હો અમોએ કરેલ નથી. અમારા ઉપર ખોટી અને ઉપજાવી કાઢેલ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે. અમો તદન નિર્દોષ છીએ. અમોને નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ છે. .

(૮) ત્યારબાદ આ કામે ફરીયાદપક્ષે વિ. સરકારી વકીલશ્રી એ. જે. લીલા તથા આરોપી તરફે વિ.વ. શ્રી પી. એન. કોટીચાની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૯) આ કેસમાં આ અદાલતના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

| | |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ફરીયાદી અનુસુચિત જાતિના સભ્ય છે ? |
| | |
| ૨. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા. ૨૪–૬–૨૦૨૦ ના રોજ કલાક ૧૦–૦૦ વાગ્યે કડેગી ગામે ફરીયાદી પોતાના ભાઈ સંજયભાઈ રાજશીભાઈના ભાગ્યા રાખેલ ખેતરમાં કાંટાની વાડ કરતા હતાં ત્યારે આરોપીએ ફરીયાદી પાસે આવી ''ઢેઢા'' શું કરે છે તેમ કહેતા ફરીયાદીએ '' તુ મને નામથી ઓળખે છે છતાં પણ ઢેઢા શુ કામ કહે છે '' તેમ કહેતા આરોપીએ ફરીયાદીને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી લાકડીથી ફરીયાદીને ડાબા પગમાં એક ઘા મારતા ફરીયાદી નીચે પડી જતાં આરોપીએ ફરીયફાદીને વાંસાના ભાગે બે પાટુ મારી ઈજા કરેલ અને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ અને તેમ કરીને ભારતીય દંડ સંહીતાની કલમ–૩૨૩, ૫૦૪, જી.પી.એકટની કલમ–૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(આર) (એસ), ૩(૨)(૫–એ) મુજબનો |

| | |
|---|---|
| | શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ? |
| | |
| ૩. | શુ હુકમ ? |

(૧૦) ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. નકારમાં

૩. આખરી હુકમ મુજબ.

**: નિર્ણયના કારણો :**

**મુદ્દા નં. ૧ અને ૨ :–**

(૧૧) ભારતીય પુરાવા અધિનિયમ તથા ક્રિમીનલ જયુરીસપ્રુડન્સની જોગવાઇ મુજબ આરોપી સામેનો ગુનો પુરવાર કરવાની જવાબદારી ફરીયાદપક્ષની છે. મુજબ ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ શંકારહીત રીતે અને નિ:શંકપણે પુરવાર કરવો જોઇએ. જો ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં કોઇપણ શંકા રાખી દે તો તે શંકાનો લાભ આરોપીને મળવાપાત્ર બને છે.

(૧૨) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નં. ૫ ફરીયાદી ને આંક–૧૬ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, મારા નાના ભાઇનું નામ સંજય છે. મારા ભાઇ સં જયે કેશુભાઇ એભાભાઇ મેરનુ ખેતર ભાગીયામાં ચારેક વર્ષ પહેલાં રાખેલું હતું. સદર ખેતરમાં દેખરેખ કરવા હું પણ જતો હતો. બનાવ આશરે ચારેક વર્ષ પહેલાં કેશુભાઇ એભાભાઇના ખેતરની પાસે આવેલ રોડ પર સવારના ૧૧:૦૦ વાગ્યાની આસપાસ બનેલો. બનાવ સમયે હું ખેતરેથી ઘરે જવાની તૈયારી કરતો હતો ત્યારે ભીમાભાઇ ખીમાનંણભાઇ

ખુંટી અમારા ખેતરની સામે ભેંસો ચારતા હતા અને આ સમયે હું ખેતરમાં રાખવા માટે બાવળના ડાળખાં વીંણતો હતો ત્યારે ભીમાભાઇ (આરોપી) આવેલ અને મને કહેલ કે, શું કરે છે લંગડા ? જેથી મે કહેલ કે મારું નામ લઇને મને બોલાવો, તેમ કહેતા અમારે બોલાચાલી થયેલી અને ભીમાભાઇએ મને કહેલ કે તમારી ફાઇટ (દાદાગીરી) વધી ગયેલ છે તેમ કહી તેના હાથમાં રહેલ લાકડી મારા ડાબા પગમાં મારેલી તેથી હું નીચે પડી ગયેલ અને ત્યારબાદ મને ઢીકાપાટુંનો માર મારેલ અને જયાં જવું હોય ત્યાં જાજે ઢેઢા અને જે કરવું હોય તે કરી લે જે તેમ કહેલ અને આ સમયે ત્યાં રામદેભાઇ લખાભાઇ  આવેલા અને  મને તથા આરોપીને પોતપોતાના ઘરે જતુ રહેવાનું કહેતા હું મારા ઘરે જતો રહેલ. મને પગમાં લાકડી મારેલ હોય ઈજા  દુ:ખાવો થતો હોય હું માણાવદર દવાખાને સારવારમાં ગયેલો, ડોકટર સાહેબે મને ઈજા બાબતે પૂછતા મે બનાવની હકીકત જણાવેલી અને બનાવ બાબતે મે મારી પોલીસ ફરીયાદ આપેલી તેમ જણાવે છે અને આંક–૩૧ થી ફરીયાદ રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે બનાવ બન્યો તે પહેલાં હું સુરત મુકામે શીલાઇ કામ કરતો હતો. એ વાત ખરી છે કે    સં જયભાઇએ કેશુભાઇનુ ખેતર ભાગીયે રાખેલ હતું મે રાખેલ ન હતું. એ વાત ખરી છે કે કેશુભાઇનુ ખેતર, ત્યારબાદ રસ્તો તે પછી પડતર જમીન આવે છે. એ વાત ખરી છે કે આ રસ્તા ઉપર વાહનો તથા માણસોની સતત અવર–જવર રહે છે.  એ વાત ખરી નથી કે મે મારી ફરીયાદમાં એવુ લખાવેલ નથી કે  શુ કરે છે લંગડા ?. એ વાત ખરી નથી કે મારી ફરીયાદમાં એવુ લખાવેલ નથી કે એવુ આરોપીએ મને કહેલ કે તારે જયાં જવું હોય ત્યાં જાજે ઢેઢા અને જે કરવું હોય તે કરી લે જે. એ વાત ખરી છે કે એટ્રોસીટીની

ફરીયાદ કરીએ તો સરકારશ્રી તરફથી સહાય મળે છે અને આ કામમાં મને સહાય મળેલી છે એ વાત ખરી નથી કે પોલીસ મારી પાસે આવેલી હોય અને મે પોલીસને બનાવવાળી જગ્યા બતાવેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે આરોપી મારા ગામનો હોય, તેને ઘણા સમયતથી ઓળખું છુ. એ વાત ખરી નથી કે આરોપીએ મને લાકડીથી કોઈ માર મારેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી  કે આરોપીએ મને ઢીકાપાટુ નો માર મારેલ હોય કે જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કરેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી નથી કે સરકારશ્રી તરફથી સહાય મેળવવા માટે મે આરોપી વિરૂધ્ધ હાલની ખોટી ફરીયાદ કરેલી છે. એ વાત ખરી છે કે બનાવ અગાઉ મારે આરોપી સાથે કોઈ જુનુ મનદુ:ખ ન હતું. એ વાત ખરી નથી કે ફરીયાદના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું.

(૧૩) આ કામે ફરીયાદપક્ષના સાહેદ સંજય રાજશીભાઇ ચૌહાણને આંક–૪૫ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદનો પુરાવો વં ચાણે લેતા તેઓ જણાવે છે કે, નરશીભાઇ રાજશીભાઇ ચૌહાણ ફરીયાદીને ઓળખુ છુ. ભીમાભાઇ ખુંટીને(આરોપી) ઓળખુ છુ. બનાવ આશરે ત્રણ–ચાર વર્ષ પહેલા બાંટવા રોડ કેશુભાઇ ખેતર પાસે બનેલો. બનાવ સમયે અમો કામે ગયેલો હતો અને બનાવ બાબતે મને નરશીભાઇનો ફોન આવેલો.તેને જણાવેલ કે, મારે ભીમાભાઇ સાથે માથાકુટ થયેલી છે અને જાતી વિશે ખરાબ શબ્દો બોલેલા, ઢેઢાઓ એવા શબ્દો બોલેલા. આ માથાકુટ બાબતે નરશીભાઇએ આરોપી સામે ફરીયાદ કરેલી અને એવું પણ કહેલ હતુ કે, લાકડી વડે તેઓને ઈજા કરેલ હતી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, નરશીભાઇ મારા સગાભાઇ થાય છે. નરશીભાઇ સાથે બનાવ બનેલ તેની જાણ મને નરશીભાઇએ કરેલ હતી એટલે મને ખબર પડેલી. એ વાત ખરી છે કે, બનાવ શું બનેલ કેવી રીતે બનેલ તે મે નજરે જોયેલ નથી. એ વાત ખરી નથી કે, ફરીયાદ નરશીભાઇ મારા ભાઇ થતા હોય તેને ફરીયાદ કરેલ તેથી તેની ફરીયાદના સમર્થનમાં ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે, એટ્રોસીટીની ફરીયાદ કરીએ તો સરકાર તરફથી અમોને નાણાકીય સહાય મળે છે. એ વાત ખરી નથી કે, સરકાર તરફથી નાણાકીય સહાય મળે તે માટે નરશીભાઇએ ફરીયાદ કરેલી. એ વાત ખરી નથી કે, મારા પોલીસ રૂબરૂના નિવેદનને સમર્થન કરવા સોગદ પર ખોટી જુબાની આપુ છુ.

(૧૪) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ દિલીપભાઇ રાજશીભાઇ ચૌહાણને આંક-૪૬ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, નરશીભાઇ મારા ભાઇ થાય છે. આ નરશીભાઇ સાથેનો બનાવ કેટલા સમય પહેલા બનેલો તેની મને ખબર નથી. બનાવમાં નરશીભાઇને ભીમભાઇ સાથે ઝઘડો થયેલો હતો. બનાવ બાબતે મને સંજયભાઇએ વાત કરેલી કે, ભીમભાઇએ ગાળો બોલેલી અને માર મારેલ છે. બનાવ બાબતે નરશીભાઇએ ફરીયાદ કરેલી.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન આ સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે ભીમભાઇ ગામના હોય જેથી હું ઓળખુ છુ. એ વાત ખરી છે કે બનાવ મે નજરે જોયેલ નથી. એ વાત ખરી છે કે જેથી ચોકકસ શું થયુ તે કહી શકુ નહી.

(૧૫) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ નરેન્દ્રભાઇ સામતભાઇ ચૌહાણને આંક–૫૧ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદ તેમના પુરાવામાં જણાવે છે કે, હું કલેકટર કચેરી પોરબંદર ખાતે છેલ્લા ૧૦ વર્ષથી ફરજ બજાવુ છુ તથા મેજી.શાખામાં પાંચ માસથી ફરજ બજાવુ છુ. અમારી કચેરી દવારા અલગ અલગ પ્રકારના જાહેરનામાઓ પ્રસિધ્ધ કરવામાં આવે છે. અમારી કચેરીએ ગઈ તા.૨૯/૫/૨૦ ના રોજ પો.અધિ.શ્રી પોરબંદરનાઓએ ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧ ની કલમ–૩૭(૧) મુજબનું પોરબંદર જીલ્લા ખાતે હથીયારબંધી અંગેનું જાહેરનામુ પ્રસિધ્ધ કરવા દરખાસ્ત મોકલતા અધિક જીલ્લા મેજી.શ્રી રાજેશ એમ તન્નાનાઓએ ગુજરાત પોલીસ અધિનિયમ કલમ–૩૭(૧) અન્વયે મળેલ સતાની રૂએ સમગ્ર પોરબંદર જીલ્લા વિસ્તારમાં તા.૦૨/૦૬/૨૦૨૦ થી તા.૩૦/૦૬/૨૦૨૦ સુધીના બં ને દિવસો સહીતનું હથીયારબંધી અંગેનું જાહેરનામુ તા.૦૧/૦૬/૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધ કરેલ જે જાહેરનામાની બહોળી પ્રસિધ્ધી અંગે અલગ અલગ કચેરીઓએ જાણ સારૂ મોકલવામાં આવેલ તેમ જણાવે છે અને હથીયારબંધીના જાહેરનામાની નકલ આંક–૫૨ થી રજુ કરેલ છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવે છે કે, એ વાત ખરી છે કે, આ ગુન્હાનું જાહેરનામુ અલગ અલગ ન્યુઝ પેપરમાં પ્રસિધ્ધ કરેલ કે કેમ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, ફરીયાદીના કહેવા પ્રમાણે બનાવના સ્થળે જાહેરનામુ લગાડેલ

હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, આંક–પર વાળુ જાહેરનામુ ઢીઢ ેરો પીટીને પ્રસિધ્ધ કરેલ હોય તેવું બનેલ નથી. એ વાત ખરી છે કે, આજરોજ મે જુબાની આપેલ તે રેકર્ડના આધારે આપેલ છે.એ વાત ખરી નથી કે, સોગદ પર ખોટી જુબાની આપુ છુ.

(૧૬) આ કામમાં ફરીયાદપક્ષના સાહેદ રામદેભાઈ લખમણભાઈ કડેગીયાને આંક–૪૩ થી તપાસવામાં આવેલ છે. ફરીયાદપક્ષના સાહેદ હમીરભાઈ દેવાભાઈ ચૌહાણને આંક–૪૪ થી તપાસેલ છે એવી જ રીતે ફરીયાદપક્ષે સાહેદ જેઠાભાઈ રાજશીભાઈ ચૌહાણને આંક–૪૭ થી, સાહેદ જીતુભાઈ હમીરભાઈ ચૌહાણને આંક–૪૮ થી તથા સાહેદ કં ચનબેન જીતુભાઈ ચૌહાણને આંક–૪૯ થી તપાસવામાં આવેલ છે. આ તમામ સાહેદોએ ફરીયાદ હકીકત કે ફરીયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ ન હોય તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ ત્યારબાદ વિ. સરકારી વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન પણ તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન આપેલ નથી.

(૧૬) આ કામમાં ફરીયાદપક્ષે આ ગુનાની ફરીયાદ લેનાર સાહેદ રણજીતભાઈ રાજાભાઈ મારુને આંક–૫૮ થી તપાસેલ છે તેઓના જણાવ્યા મુજબ તેઓએ ફરીયાદીની પોતાના રુબરુની ફરીયાદ લીધેલાનું જણાવે છે. ફરીયાદપક્ષે ત.ક.અ. અશોકકુમાર રાયચંદદાસ પટેલને આં ક–૬૪ થી તપાસવામાં આવેલ છે. આ સાહેદના પુરાવા મુજબ

તેઓએ હાલના ગુનાની તપાસ કરેલ અને લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલ, બનાવવાળી જગ્યાનું પંચનામુ કરેલ, અટક પં ચનામાની વિગતે અરોપીને અટક કરેલ તેમજ આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ કરવા જેટલો પુરતો પુરાવો હોય નામ. કોર્ટ સમક્ષ આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ રજુ કરેલ તેમ જણાવે છે.

બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસ દરમ્યાન જણાવેલ છે કે, એ વાત ખરી નથી કે હાલના કેસની તપાસનો હુકમ અમોને લેખિતમાં થયેલ નથી. એ વાત ખરી નથી કે તપાસના હુકમ મળ યા બાદ બનાવના સ્થળ પર તપાસ કરવા માટે ગયેલ હોય તેવુ બનેલ નથી. એ વાત ખરી છે કે બનાવવાળો વિસ્તાર એ વાડી વિસ્તાર છે. એ વાત ખરી છે કે બનાવવાળા વિસ્તારમાં માણસો તથા વાહનોની અવર જવર રહે છે. એ વાત ખરી છે કે આ કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે પંચનામા મે મારી જાતે તૈયાર કરી પાછળથી પોલીસ સ્ટેશનમાં સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે સાહેદોના નિવેદન ફરીયાદ મુજબ મે મારી જાતે લખી લીધેલા. એ વાત ખરી નથી કે બનાવવાળી જગ્યાનુ પંચનામુ પાછળથી પોલીસ સ્ટેશનમાં લખીને પંચોની સહીઓ લીધેલી. એ વાત ખરી નથી કે ફરીયાદમાં આક્ષેપિત ગુનાને લગત કોઇ પુરાવા ન હોવા છતા ખોટુ ચાર્જશીટ કરેલ છે. એ વાત ખરી નથી કે મારી કામગીરીના સમર્થનમાં સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૧૭) આમ ઉપરોકત ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદી બનાવની હકીકતોને સમર્થન આપે છે અને આરોપી દ્વારા તેને અપશબ્દો બોલી ડાબા પગમાં લાકડી મારેલાની હકીકત સરતપાસમાં જણાવે છે. વધુમાં ફરીયાદીના જણાવ્યા મુજબ બનાવ સમયે રામદેભાઈ લખમણભાઈ આવેલ હતાં પરંતુ ફરીયાદપક્ષે તપાસેલ સદર સાહેદનો પુરાવો વંચાણે લેતા તેઓ ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે અને બનાવની હકીકતને સમર્થન આપતા નથી. અને શું બનાવ બનેલ તેની તેઓને ખબર નથી. વધુમાં આ કામે તપાસેલ સાહેદ સંજયભાઈ રાજશીભાઈનો પુરાવો વછંચાણે લેતા આરોપી સાથે ફરીયાદીને માથાકુટ થયેલાની હકીકત જણાવે છે અને બનાવ બાબતે ફરીયાદીનો ફોન તેઓને આવેલાની હકીકત જણાવે છે પરંતુ ફરીયાદીનો પુરાવો વંચાણે લેતા તેઓ આવી કોઈ હકીકત તેમના પુરાવામાં જણાવતા નથી. ફરીયાદીની ફરીયાદ હકીકત મુજબ બનાવ સમયે હમીરભાઈ આવેલા તેવી હકીકત જણાવેલ છે પરંતુ ફરીયાદીનો પુરાવો વંચાણે લેતા તેઓએ આવી કોઈ જ હકીકતો જણાવેલ નથી. આ કામે તપાસવામાં આવેલ હમીરભાઈ દેવાભાઈનો પુરાવો વંચાણે લેતા તેઓ ફરીયાદી અને આરોપી વચ્ચે બોલાચાલી થયેલાનું જણાવે છે અને બનાવ શું બનેલ તેની તેઓને ખબર નહી હોવાનું જણાવે છે. આ કામે ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ અન્ય સાહેદો જેવા કે, દિલીપભાઈ રાજશીભાઈનો પુરાવો વં

ચાણે લેતા તેઓ બનાવના નજરે જોનાર સાહેદ નથી અને તેઓને સંજયભાઈએ વાત કરેલાનું જણાવે છે પરંતુ સંજયભાઈનો પુરાવો વંચાણે લેતા તેઓ એવી કોઈ હકીકત તેમના પુરાવામાં જણાવતા નથી. આ કામે ફરીયાદપક્ષે તપાસેલ સાહેદ જેઠાભાઈ રાજશીભાઈ, સાહેદ જીતુભાઈ હમીરભાઈ તથા સાહેદ કંચનબેન જીતુભાઈનો પુરાવો વંચાણે લેતા તેઓએ બનાવની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી અને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે. તે સંજોગોમાં ઉપરોકત મહત્વના કહી શકાય તેવા ફરીયાદી અને બનાવ સ્થળે હાજર રહેલ સાહેદોનો પુરાવો વંચાણે લેતા તેઓ સુધારા વધારા સાથેનો પુરાવો આપે છે ત્યારે સદર પુરાવાને આધારે આરોપીને હાલના ગુન્હા સાથે સાંકળી શકાય તેમ નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ સાહેદ નરેન્દ્રભાઈ સામતભાઈ ચૌહાણનો પુરાવો વંચાણે લેતા બનાવ સમયે હથીયારબંધીનું જાહેરનામુ અમલમાં હોવાની હકીકત ફલીત થાય છે પરંતુ તેવા કહેવાતા કોઈ જાહેરનામાનો ભંગ આરોપીએ કરેલ હોવાની કોઈ હકીકતો ફરીયાદપક્ષે સાબીત થતી નથી. વધુમાં આ કામે બનાવવાળી જગ્યાના પંચનામાના પંચો તથા આરોપીના અટક પંચનામાના પંચોએ કહેવાતા પંચનામાની હકીકતોને સમર્થન આપેલ નથી ત્યારે આવા કહેવાતા પંચનામાની હકીકતો પુરવાર થતી નથી. આ કામે ત.ક.અ.શ્રીના પુરાવામાં સ્વીકાર્યા મુજબ બનાવવાળો વિસ્તાર એ જાહેર વિસ્તાર છે ત્યાં માણસોની અવર

જવર રહે છે તેમ છતાં પણ આ કામે એવા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી કે તેઓને હાલના કામે સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી. વધુમા આ કામે ફરીયાદી નું અનુ. જાતિનું પ્રમાણપત્ર આ કામે રજુ કરવામાં આવેલ છે તે વંચાણે લેતા ફરીયાદી અનુ.જાતિના હોવાની હકીકત પુરવાર થાય છે પરંતુ આરોપીએ ફરીયાદીને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરેલ હોવાની કોઇ જ હકીકતો ઉપરોકત ફરીયાદી તથા સાહેદોનો પુરાવો વંચાણે લેતા પુરવાર થતી નથી.

(૧૮) આમ આ કામના આરોપી સામે ભારતીય દંડ સંહીતાની કલમ– *૩૨૩, ૫૦૪, જી. પી. એકટની કલમ–૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ–3(૧)(આર) (એસ), 3(૨)(૫–એ)* મુજબનું તહોમતનામુ ફરીયાદ પક્ષ સ્વતંત્ર, આધારભુત તથા વિશ્વસનીય પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદૃા નં. ૧ નો જવાબ હકારમાં તથા મુદૃા નં. ૨ તથા નો જવાબ નકારમાં ઠરાવુ છું. આ કામના આરોપી સામે ફરીયાદ પક્ષ ફરીયાદમાં જણાવેલ આક્ષેપો પુરવાર કરી શકતા ન હોય તેમ માની મુદૃા નં. ૩ અન્વયે નીચે મુજબનો હુકમ કરુ છું.

**: આખરી હુકમ :**

૧. આ કામના આરોપી ભીમાભાઇ ખીમાણંદભાઇ ખુંટીને ક્રિ મીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫ (૧) મુજબ ભારતીય દંડ સં હીતાની કલમ– *૩૨૩, ૫૦૪ , જી. પી. એકટની કલમ–૧૩૫ તથા એટ્રોસીટી એકટની કલમ–3(૧)(આર) (એસ), 3(૨)(૫–એ)*

મુજબના સજાપાત્ર ગુન્હાઓમાંથી નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ ફોજદારી કાર્યરીતી અધિનિમયની કલમ–૪૩૭(એ) અન્વયે ઉપરની અદાલતમાં અપીલ કે રીવીઝનના કામે જરૂર પડયે હાજર રહેવા માટે રુા.૧૦,૦૦૦/– (અંકે રુપિયા દસ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ કરવા.

૩. મુદ્દામાલ પાવતીની વિગતે કબજે કરવામાં આવેલ મુદ્દામાલની લાકડીનો અપીલ સમય વિત્યેથી નિયમ મુજબ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૦૨ માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

પોરબંદર.
તા. ૦૨–૦૪–૨૦૨૬.

(પી. એચ. શર્મા)
સ્પે. જજ (એટ્રો.)
પોરબંદર.
GJ00701